ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0








રાજ્યસભાનો રણસંગ્રામ - વિધાનસભા ખાતે ગુજરાતની ૪ બેઠકો માટે ૫ ઉમેદવારો વચ્ચે રસાકસીભર્યો જંગ ખેલાયો હતો... વૈશ્વિક મહામારી કોરોનાના કહેર વચ્ચે યોજાયેલ મતદાનમાં સાવચેતીના ઘનિષ્ઠ પગલા લેવાયા હતા... મતદાતા તરીકે દરેક ધારાસભ્યોનું સ્કેનીંગ, સેનેટાઈઝરથી હેન્ડવૉશ, માસ્ક અને રીસ્ટ બેન્ડનો સતર્કતાપૂર્વક અમલ કરાયો હતો... ૧૭૨માંથી ૧૭૦ ધારાસભ્યોએ મતદાન કર્યું હતું... જેમાં ૩ બિમારી ધારાસભ્યોએ એમ્બ્યુલન્સ દ્વારા લવાયા હતા. સહાયકો દ્વારા મતદાન કરાયું હતું... રાત્રિના ૧૦.૪૫ સુધી મતગણતરી શરૂ થઈ શકી ન હતી...

# બીટીપીનું ''મહાસેટીંગ'' - રાજ્યસભામાં વોટ ના આપ્યો : ભાજપને મદદ કરી નરહરિને જીતાડશે

## કોંગ્રેસને માત્ર બે મત ખૂટતા હતા પરંતુ ભાજપ અને બીટીપીના ગઠબંધનના કારણે ભરતસિંહ સોલંકી માટે દિલ્હી જવાના દરવાજા બંધ, ભાજપની ચાણક્ય ચાલ સામે કોંગ્રેસનું રિસોર્ટ પોલિટીક્સ ફેઇલ

ગાંધીનગર, તા.૧૯

કોરોના સંક્રમણ સમયે ભાજપે મોટો જુગાર ખેલીને રાજ્યસભાની ચૂંટણીમાં ત્રીજી બેઠક મેળવવા માટેના શરૂ કરેલા મરણિયા પ્રયાસ આખરે સફળ થયાં છે. કોંગ્રેસના આઠ-આઠ ધારાસભ્યોના રાજીનામા અપાવ્યા પછી પણ પાર્ટી ટેન્શનમાં હતી છેવટે બીટીપીના બે ધારાસભ્યોને ઘરમાં રોકી રાખવામાં સફળતા મેળવી છે અને ત્રીજા ઉમેદવાર નરહરિ અમીનને દિલ્હી લઇ જવાનો રસ્તો સાફ કર્યો છે. રાજ્યસભાની ચૂંટણીમાં ભાજપને ધાર્યા પ્રમાણે ત્રણ બેઠકો અને કોંગ્રેસને એક બેઠક મળી છે.

રાજ્યસભાની ચૂંટણી પછી કોંગ્રેસે ઉઠાવેલા બે મુદ્દાના કારણે મત ગણતરી અટકી ગઈ હતી જે ચાર કલાક પછી શરૂ કરવામાં આવી હતી. ભારતના ચૂંટણી પંચે વજૂદ નથી તેવું કહીને બે મુદ્દાઓ ફગાવી દીધા હતા તેથી ભાજપના ત્રણ ઉમેદવારોની જીત નિશ્ચિત બની છે. મતગણતરી પછી ચૂંટણીનું પરિણામ ભાજપની તરફેણમાં આવ્યું છે જેમાં ત્રણ બેઠકો ભાજપને મળી છે અને એક બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર વિજેતા બન્યાં છે. મોડી સાંજથી આ ડ્રામા શરૂ થયો હતો છેવટે મોડી રાત્રે પૂર્ણ થયો હતો.

ગુજરાત કોંગ્રેસ પાસે જો બે ધારાસભ્યોનો ટેકો હોત તો પાર્ટીના બીજા ઉમેદવાર ભરતસિંહ સોલંકી ચૂંટણી જીતી ચૂક્યાં હોત પરંતુ ભારતીય ટ્રાયબલ પાર્ટીના પિતા છોટુ વસાવા અને પુત્ર મહેશ વસાવાએ આ વખતે ભાજપના સપોર્ટમાં રાજ્યસભામાં વોટીંગ કર્યું નથી, પરિણામે ભાજપના ત્રીજા ઉમેદવાર ચૂંટણી જીતી ગયા છે. વોટીંગના સમય ચાર વાગ્યા સુધી કોંગ્રેસના નેતાઓએ બીટીપીના ધારાસભ્યોની ચાતક નજરે રાહ જોઈ હતી પરંતુ બન્ને ધારાસભ્યો વિધાનસભામાં આવ્યા ન હતા. બીટીપીએ સવારથી જ જાહેર કર્યું હતું કે બન્ને પાર્ટીથી તેઓ નારાજ હોઈ મતદાનનો બહિષ્કાર કરશે.

ગુજરાત ભાજપને ડર હતો કે તેમના બે ધારાસભ્યો ક્રોસવોટીંગ કરશે પરંતુ ભાજપે તેમની જગ્યાએ બીજી વ્યક્તિનું એટલે કે પ્રોક્સી વોટીંગ કરાવીને તેમને અટકાવી દીધા હતા. માતરના ધારાસભ્યને કોંગ્રેસે તોડ્યા હતા પરંતુ તેમને બિમાર છે કહીને હોસ્પિટલમાં દાખલ કરી દીધા હતા. બીજી તરફ પાર્ટીના મેન્ડેટ પ્રમાણે મત આપ્યો હોવાનો દાવો કરતાં એનસીપીના ધારાસભ્ય કાંધલ જાડેજાએ ભાજપના ઉમેદવારને મત આપ્યો છે. કોંગ્રેસ માટે અત્યંત નિરાશાજનક વાતાવરણ તો ત્યારે ઉભું થયું જ્યારે બીટીપીના છોટુ વસાવા ચૂંટણીનો સમય પૂર્ણ થવા આવ્યો ત્યાં સુધી તેઓ મતદાન કરવા આવ્યા નહીં.

વિધાનસભામાં ૧૦ બેઠકો ખાલી છે. રાજ્યસભાના ત્રણ ઉમેદવારોને ભાજપના ૧૦૩ અને એનસીપીના એક સભ્યનો મળીને કુલ ૧૦૪ મતો મળ્યાં છે. બીટીપીએ મતદાન નહીં કરતાં રાજ્યસભામાં કુલ ૧૭૦ સભ્યોનું મતદાન થયું છે. કોંગ્રેસ પાસે અપક્ષ જીજ્ઞેશ મેવાણી સહિત કુલ ૬૬ ધારાસભ્યો હતા જેમણે મતદાન કર્યું છે. કોંગ્રેસની હાર માત્ર બે મતના કારણે થઇ છે, કારણ કે કોંગ્રેસને કુલ ૬૮ ધારાસભ્યોની જરૂર હતી.

ગુજરાતમાંથી રાજ્યસભામાં ચાર સભ્યો જઇ રહ્યાં છે જેમાં ભાજપના અભય ભારદ્વાજ, રમિલા બારા તેમજ નરહરિ અમીન છે જ્યારે કોંગ્રેસમાંથી શક્તિસિંહ ગોહિલ જશે. કોંગ્રેસના બીજા ઉમેદવાર ભરતસિંહ સોલંકી લીલા તોરણે પાછા આવ્યા છે. બીટીપીના બે સભ્યોએ મતદાન નહીં કરવાનો નિર્ણય કર્યો તે સમયે જ ભરતસિંહે હથિયાર હેઠાં મૂકી દીધા હતા.

### ચૂંટણીમાં નામોશીભરી હાર પછી કોંગ્રેસના હવાતિયાં...

રાજ્યસભાની ચૂંટણીમાં નામોશીભરી હાર પછી કોંગ્રેસ હવે હવાતિયાં મારી રહી છે. કોંગ્રેસે આ ચૂંટણીમાં બે મુદ્દા ઉઠાવ્યા છે જેમાં ચૂંટણી આયોગે ફેસલો કરવાનો થાય છે. કોંગ્રેસની રજૂઆત છે કે કેસરીસિંહના પ્રોક્સી વોટીંગ વખતે અનધિકૃત વ્યક્તિએ બૂથની અંદર પ્રવેશ કર્યો હતો. જ્યારે શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાના વિજય સામે સુપ્રીમ કોર્ટમાં સ્ટે છે તેથી તેમનો મત રિઝર્વ રાખવામાં આવે. જો કે હવે આ બન્ને લિગલ ફાઈટ છે પરંતુ રાજનીતિમાં એવું કહેવાય છે કે જો જીતા વહી સિકંદર... પાંચ વાગ્યે શરૂ થનારી મત ગણતરી આ બન્ને દાવાને કારણે ચાર કલાક સુધી વિલંબમાં પડી હતી પરંતુ ભારતના ચૂંટણી પંચે કોંગ્રેસના બે દાવાને ફગાવી દેતાં આખરે મગણતરી શરૂ થઇ હતી.

# રાજ્યમાં ભાજપનો ત્રણ અને કોંગ્રેસનો એક રાજ્યસભાની બેઠક પર વિજય

## ગુજરાતમાં અભય ભારદ્વાજ, રમીલાબેન બારા, નરહરિ અમીન ભાજપમાંથી અને શક્તિસિંહ કોંગ્રેસમાંથી વિજય નિશ્ચિત









ગાંધીનગર, તા. ૧૯

ગુજરાતમાં રાજ્યસભાની ચારેય બેઠકોનું ચૂંટણીનું પરિણામ રાત્રે મતગણતરી પૂર્ણ થતાં ભાજપને ૩ અને કોંગ્રેસને ૧ બેઠક મળી હતી. જેમાં ભાજપના સર્વશ્રી અભય ભારદ્વાજ, રમીલાબેન બારા અને નરહરી અમીન વિજય થયા હતા. જ્યારે કોંગ્રેસના શક્તિસિંહ ગોહિલ દિલ્હી પહોંચવામાં સફળ રહ્યા હતા. કોરોના મહામારીને કારણે વિજયની ઉજવણી ભાજપે કરી ન હતી.

સાંજે ૪ વાગ્યે મતગણતરી શરૂ થતાં પૂર્વે કોંગ્રેસ દ્વારા બે મત સામે વાંધો ઉઠાવાયો હતો. જેમાં શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને માતરના ધારાસભ્ય કેસરીસિંહ સોલંકીના મત સામે ઉઠાવાયેલા વાંધા સામે કેન્દ્રીય ચૂંટણી પંચે નામંજુર કરતા મતગણતરી શરૂ થઈ શકી હતી. ૫

જોકે ગુજરાતમાં ભાજપને ત્રણ બેઠક મળી છે જ્યારે કોંગ્રેસને એક બેઠક મળી શકે એમ છે. ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના વોટ અંગે કોંગ્રેસે વાંધો લીધો હતો પણ તે પછી તેને ફગાવી દેવાયો હતો. મતગણતરી દરમિયાન કોંગ્રેસે ચૂંટણી પંચ સમક્ષ ભુપેન્દ્રસિંહ ચુડાસમા અને કેસરીસિંહ સોલંકીના મતને ચૂંટણીપંચ સમક્ષ વાંધો ઉઠાવ્યો છે. જો કે કોંગ્રેસની આ અરજીને ચૂંટણીપંચે ફગાવતાં કહ્યું હતું કે, કોંગ્રેસે આ વાંધો મતદાનના સમયે ઉઠાવવાનો હતો, મતગણતરીના સમયે નહીં કહીને આ વાંધો ફગાવી દીધો છે. ત્યાર બાદ મતગણતરી શરૂ કરવામાં આવી હતી. આ પહેલા મતદાન બાદ કોંગ્રેસે બંનેના મત રદ કરવા અરજી કરી હતી. ભુપેન્દ્રસિંહના ધારાસભ્ય પદ અંગેની મેટર સબજ્યુડિશિયલ હોવાના કારણે મત અલગ રાખવા માંગ કરી છે. જ્યારે કેશરીસિંહ ફિટ હોવાછતાં અનફિટના ખોટા પુરાવા આપ્યા છે. જેને કારણે કારણે મત ગણતરીમાં વિલંબ થયો હતો. કોંગ્રેસના શક્તિસિંહ ગોહિલ જ્યારે ભાજપના અભય ભારદ્વાજ, રમીલાબેન બારા અને નરહરિ અમીનનો વિજય થયો છે.

# શહેરમાં વધુ ૪ કેસ

## સે. ૬-એ, સે. ૩-એ, ગ્રીનસીટી સે. ૨૬ તેમજ સે. ૨-સીમાંથી કેસો મળ્યા
## ૩ દર્દી ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ તો એક દર્દી હોમ આઈસોલેશનમાં

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના ૪ દર્દી મળી આવ્યા છે. આ સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૧૭૪ પર પહોંચી છે.

ગાંધીનગર શહેરમાં આજે સે. ૬-એ, સે. ૩-એ, સે. ૨૬ના ગ્રીનસીટીમાં તેમજ સે. ૨-સી માંથી કેસ મળી આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૬-એ માં સી.બી.આઈ.ની ગાંધીનગર સ્થિત કચેરીમાં નોકરી કરતા એક ૫૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ દર્દીને સારવાર માટે એપોલો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ દર્દીના પરિવારના પાંચ સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવેલ છે.

સે. ૩-એ માં રહેતા અને અમદાવાદની એક ખાનગી ફાર્માસ્યુટીકલ કંપનીમાં નોકરી કરતા ૪૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ દર્દીને સારવાર માટે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ દર્દીના પરિવારના પાંચ સભ્યોને પણ તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

સે. ૨૬ માં આવેલ ગ્રીનસીટી વિસ્તારમાં એક ૫૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને પણ સારવાર માટે ગાંધીનગરની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ દર્દીના પરિવારના ૪ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવેલ છે. આ દર્દી માણસા જી.આઈ.ડી.સી. વિસ્તારમાં વેપાર સાથે સંકળાયેલ હોવાનું જાણવા મળેલ છે.

આ ઉપરાંત નર્મદા નિગમના નાયબ કાર્યપાલક ઈજનેર તરીકે નોકરી કરતા એક ૫૯ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પણ પોઝીટીવ આવેલ છે.

આ ઈજનેર દ્વારા હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારવામાં આવતાં તંત્રએ તેમને મંજૂરી આપી છે. તંત્રએ આ ઈજનેરના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

ત્રણ દર્દીઓ ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ થયા છે. તંત્ર દ્વારા આ દર્દીઓના ઘર અને તેની આસપાસના વિસ્તારોને સેનીટાઈઝેશન કરવા ઉપરાંત માઈક્રો કન્ટેનમેન્ટ જોન જાહેર કરવાની કવાયત હાથ ધરવામાં આવી છે.

# ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૧૮ કેસ

## ગાંધીનગર તાલુકામાં ૧૦, કલોલમાં ૭ અને માણસામાં ૧ કેસ, વધુ બે દર્દીના સારવાર દરમ્યાન મોત થતાં મૃત્યુઆંક ૨૮ થયો

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૧૮ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા કેસોને પગલે તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે. ગાંધીનગરમાં ૧૦, કલોલમાં ૭ અને માણસામાંથી આજે એક કેસ મળી આવેલ છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલ દર્દીઓ પૈકી આજે વધુ બે દર્દીના મોત થયા છે. આ સાથે જિલ્લામાં મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા ૨૮ થઈ છે.

ગાંધીનગર તાલુકાના એક ૫૩ વર્ષીય પુરૂષ દર્દીનું સારવાર દરમ્યાન મોત નીપજ્યુ છે. આ દર્દીને કોરોના ઉપરાંત ટી.બી. તેમજ અન્ય બિમારી પણ હોવાનું જાણવા મળેલ છે.

આ ઉપરાંત કલોલ રેલવે પૂર્વ વિસ્તારના પણ એક પુરૂષ દર્દીનું આજે સારવાર દરમ્યાન ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે મોત નીપજ્યુ છે.

જિલ્લામાં અત્યાર સુધી ગાંધીનગર તાલુકામાં ૮ અને કલોલમાં ૧૪ તેમજ દહેગામના પાંચ અને માણસાના એક દર્દીનું સારવાર દરમ્યાન મોત નીપજ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે માણસા તાલુકાના આજોલ ગામેથી આજે એક દર્દીનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ દર્દીએ તાવની ફરિયાદ હોવાથી ગાંધીનગર-અમદાવાદ માર્ગ પરની ખાનગી હોસ્પિટલમાં ટેસ્ટ કરાયો હતો અને તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે આ દર્દી સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ થયેલ છે. આ દર્દી મુંબઈથી અહિ વતનમાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે. દર્દીની અન્ય વિગતો મેળવવાની કાર્યવાહી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે.

કલોલ તાલુકામાંથી આજે વધુ ૭ કેસ મળ્યા છે જેમાં ૬ અર્બન વિસ્તારમાંથી અને એક ગ્રામ્ય વિસ્તારમાંથી મળ્યો છે. કલોલ અર્બન-૧ ના વિસ્તારમાંથી ૩ મહિલા દર્દીનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે જ્યારે કલોલ-અર્બન-૨ વિસ્તારમાંથી ૩ પુરૂષ દર્દીના રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. કલોલ તાલુકાના નાંદોલ ગામેથી પણ એક પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીઓને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

ગાંધીનગર તાલુકામાંથી આજે ભાટ, રાંદેસણ, ખોરજ, કુડાસણ, ઝુંડાલ તેમજ રાયસણ ગામમાંથી કેસ મળી આવ્યા છે.

ગાંધીનગરના કુડાસણ ગામમાંથી આજે ૪ કેસ મળતાં તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે અને ગામમાં સઘન સર્વેલન્સની સૂચનાઓ આપવામાં આવી છે. કુડાસણના એક જ પરિવારના ત્રણ સભ્યોનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે અને તે કોલ્ડ સ્ટોરેજના વ્યવસાય સાથે સંકળાયેલ હોવાનું જાણવા મળેલ છે. મળતી વિગતો પ્રમાણે ભાટમાંથી બે મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. તો રાંદેસણ ગામમાંથી ૧૯ વર્ષના બે યુવાનોના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે. આ બન્ને યુવાનો હોસ્ટેલમાં અભ્યાસ માટે રોકાયા હોવાનું જાણવા મળેલ છે.

ઝુંડાલ ગામેથી એક ૩૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

જિલ્લામાં આજે નોંધાયેલ ૧૮ કેસમાં ૧૨ પુરૂષ અને ૬ મહિલા દર્દી હોવાનું આરોગ્યતંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

જિલ્લામાં હાલ ૧૩,૧૭૫ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં કેસો વધ્યા છે પણ ક્વોરોન્ટાઈનમાં રખાયેલા લોકોની સંખ્યા ઘટી રહી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજ સુધીમાં ૩૩૨૫ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

# મનપા દ્વારા ૧૮ ગામો અને એક નગરપાલિકાને હસ્તગત કરવાની કવાયત

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર મહાનગરપાલિકાની હદમાં વધારો કરાયા પછી મનપાના તંત્ર દ્વારા ૧૮ ગ્રામ પંચાયતો અને ૧ નગરપાલિકા વિસ્તારનો કબ્જો મેળવવાની કામગીરી માટેની કવાયત તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે. જો કે વિધિવત્ કબ્જો મેળવવા માટે હાલ તંત્ર પાસે સ્ટાફની અછતને કારણે એક બે દિવસનો વિલંબ થશે અને તબક્કાવાર આ કબ્જો મેળવવાની કામગીરી કરવામાં આવશે તેવુ મનપાના સૂત્રોમાંથી વિગતો પ્રાપ્ત થઈ રહી છે.

મળતી વિગતો પ્રમાણે મનપા તંત્ર પાસે આ અંગે અનુભવ પણ ઓછો હોવાનું જાણવા મળેલ છે. રેવન્યુ રેકર્ડ તેમજ આરોગ્ય અને શિક્ષણ સહિતની સેવાઓ ચાર્જ લેવાનો થાય એટલુ જ નહિ હાલ મનપા પાસે માત્ર સફાઈની સેવા જ છે એટલે કઈ રીતે આગળ વધવુ તે અંગે પરામર્શ ચાલી રહેલ છે. આ જાહેરનામુ જાહેર થયા બાદ તંત્ર હરકતમાં આવ્યુ છે અને જિલ્લા પંચાયત સાથે સંકલનમાં રહી આગળ વધવા માટે હાલ પુરતો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે. આ ઉપરાંત વેરા વસુલાત તેમજ વિકાસના કામોની જવાબદારી પણ મનપાના શિરે આવશે. એટલે અદ્યતન રેકર્ડ તૈયાર કરવાનું થશે.

ગાંધીનગર મનપામાં એક જ દસકામાં હદ વધારાનો નિર્ણય પહેલીવાર લેવાયો છે એટલે મનમા પણ આ બધી બાબતોમાં ઉતાવળે કોઈ કામગીરી કરવાના મૂડમાં ન હોવાનું પણ જાણવા મળેલ છે.

# સવા બે મહિનાના અંતે પણ એસ.ટી.ની બસોમાં હજુ ટ્રાફિક જોવા મળતો નથી

## બહારગામના રૂટોની બસ માટે મુસાફરો મળતા નથી જેના લીધે મોટાભાગની બસ મહદઅંશે ખાલી જોવા મળે છે

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગર એસ ટી ડેપોમાં પ્રથમ તબક્કે પોઇન્ટની બસ સેવા શરૂ કરાયા બાદ હાલ બહારગામના રૂટોની બસ સેવા પણ શરૂ કરવામાં આવી છે. પરંતુ કોરોનાના કહેર વચ્ચે હજુ એસ ટી ડેપોમાં ટ્રાફિક જોવા મળતો નથી. અલબત્ત ૫૦ ટકા મુસાફરો સાથે બસ દોડાવાની વાત સામે માર્ગો પર દોડતી બસો મોટાભાગે ખાલી જોવા મળી રહી છે. જેમાં ખાસ કરીને બહારગામના રૂટોની બસમાં ટ્રાફિક મળતો નથી

ગાંધીનગર એસ ટી ડેપોમાં લોકડાઉન બાદ શરૂ કરાયેલી એસ ટી બસ સેવા હાલ મુસાફરોના અભાવે મોટાભાગે ખાલી દોડી રહી છે. જેમાં ખાસ કરીને લાંબા અંતરની બસોમાં માંડ ૫૦ ટકા ટ્રાફિક જ જોવા મળે છે. લોકડાઉન દરમિયાન બે મહીના સુધી એસ ટી બસના પૈડા થંભી ગયા હતા. જ્યારે લોકડાઉનના અંતે પ્રથમ તબક્કે પોઈન્ટની બસ સેવા શરૂ કરવામાં આવી હતી. સરકારી કચેરીઓ શરૂ થતા કર્મચારીઓની અવરજવર માટે પોઈન્ટ બસ સેવા શરૂ કરવામાં આવી છે. જ્યારે તબક્કાવાર ઉત્તર ગુજરાતના રૂટો સહીત સૌરાષ્ટ્રના રૂટોની પણ બસ સેવા શરૂ કરાઈ હતી. હાલ પણ બહારગામના રૂટોની બસ સેવા ચાલુ છે. જ્યારે આ સમયગાળા દરમિયાન ગાંધીનગર અમદાવાદ વચ્ચેના શહેરી રૂટને શરૂ કરવા પણ માંગ ઉઠવા પામી છે. જો કે હાલ એસ ટી બસ સેવામાં નવા રૂટોની બસ શરૂ કરાયા બાદ પણ બસમાં ટ્રાફિક જોવા મળતો નથી. બહારગામના રૂટોની બસ પણ અડધી ખાલી જોવા મળે છે. કોરોનાની મહામારીમાં વધુ પેસેન્જર ન બેસાડવા માટે તેમજ સોશિયલ ડીસ્ટન્સીંગ જળવાય આ ઉપરાંત બસોને સેનેટાઇઝ કરવા સહીતની સરકારી ગાઇડલાઇનનુ પાલન કરવા માટે પણ એસ ટી ડેપોમાં નિયમોનુ પાલન કરવામાં આવી રહ્યુ છે. લોકડાઉનના અંતે એસ ટી બસ સેવા શરૂ કરાયા બાદ ડેપોની પ્રતિદિનની આવક માત્ર અઢી હજાર હોવાનુ પણ ધ્યાને આવ્યુ હતુ. જ્યારે આડા દિવસોમાં ડેપોને રોજના ચાર થી પાંચ લાખ

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર તાલુકા પંચાયત અને તેના નવ સભ્યોનું ભાવિ અંધકારમય બન્યુ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર તાલુકા પંચાયતની નવ બેઠકો પર હદ વધારાની અસર થતાં આ વિસ્તારના સભ્યોનું ભાવિ અંધકારમય બની ગયુ છે.

ગાંધીનગર તાલુકા પંચાયતના પ્રમુખ સહિત ૯ તા.પં.ની બેઠકોને અસર થઈ છે અને તેઓ પંચાયતો જ મટી જતાં સભ્યપદે રહેતા નથી. ગાંધીનગર તાલુકા પંચાયતની મુદત પૂર્ણ થવામાં હજુ ઘણો સમય બાકી છે.

તાલુકા પંચાયતના પ્રમુખની અઢી વર્ષની મુદત પણ સપ્ટેમ્બર માસમાં પૂર્ણ થાય છે એટલે હવે શું કરવુ તે અંગેની પણ મુંઝવણ ઉભી થવા પામી છે. તા.પં.માં હાલ ભાજપ સત્તા પર છે અને જે નવ બેઠકોને અસર થાય છે તેમાં તેના પાંચ સભ્યો છે તો ૪ સભ્યો કોંગ્રેસના છે. કોંગ્રેસ પાસે બહુમતિ હોવા છતાં ભાજપે અહિ સત્તા મેળવી હતી પરંતુ હદ વધારાને પગલે ભાજપ વધુ લઘુમતિમાં આવશે અને કોંગ્રેસ તા.પં. બનાવશે તેવુ ચિત્ર હાલ ઉપસી રહ્યું છે.

જો કે આ સભ્યોના ભાવિને લઈ પરિપત્રમાં કોઈ સ્પષ્ટ નિર્ણય દર્શાવાયો ન હોવાથી રાજકીય વર્તુળોમાં આ મુદ્દો આજે વધુ ચગ્યો હતો. જિલ્લા પંચાયતની પણ એક આખી બેઠક અને ત્રણેક બેઠકો પર ઓછા વત્તે અંશે અસર થઈ રહી છે. તંત્ર દ્વારા આ મુદે મૌન ધારણ કરવામાં આવ્યુ છે પરંતુ સરકાર દ્વારા આગામી સપ્તાહમાં વધુ સ્પષ્ટતાઓ કરાશે તેવા સંકેતો મળી રહ્યા છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com